# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૬/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૩૭** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૦.૮૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૫૦.૧૫** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૦૯** મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ **૦૩** મિલકતના વોટર મીટરના કુલ **રૂા.૭૪,૯૨૧/–** ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યોગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૬/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૩૭ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી કુલ રૂ.૧૦.૮૦ લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને રૂ.૫૦.૧૫ લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર ૦૯ મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ ૦૩ મિલકતના વોટર મીટરના કુલ રૂ.૭૪,૯૨૧/– ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
૨૬/૦૨/૨૦૧૮
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં.
781

D:\VAJIR SIR\PRESS NOTE.docx

# <u>પ્રેસનોટ</u>

**<u>પાર્કીગ ખુલ્લું કર્યાની વિગત</u> :-**

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં પાર્કીગ ખુલ્લું કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) મોજે ઉધના રે.સ.નં.૪૪ પૈકી સબપ્લોટ નં.૯ વાળી મિલકતમાં ભોંયતળિયાના ભાગે મિલકતદારો ધ્વારા પાર્કીગમાં બનાવવામાં આવેલ ગેરકાયદેસર પતરાના શેડ નંગ-૨ **આજ રોજ તા.૨૬/૦૨/૨૦૧૮**ના રોજ દુર કરી આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું પાર્કીગ અત્રેથી ખુલ્લું કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ...7.8.2............
તા.૨૬/૦૨/૨૦૧૮

# પ્રેસ નોટ

**પર્યાવરણ સુરક્ષા તથા આનુસંગિક "Green Initiatives" નીભાવ અંગે સુરત મહાનગરપાલિકાનો અભિગમ**

કાયદાની જોગવાઈ અનુસાર સુરત મહાનગરપાલિકા તમામ આવશ્યક સિવિક સર્વિસીસ તથા અન્ય જન સુવિધાઓ પૂરી પાડી રહી છે.

ભારત સરકારશ્રીના પર્યાવરણ વિભાગ હેઠળના કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તરફથી જાહેર કરાયેલ માહિતી અનુસાર સુરત શહેરમાં Particulate Matter 10 (PM10) નું પ્રમાણ વધુ નોંધાયેલ હોય, શહેર વિસ્તારમાં જરૂરી એવા તમામ ઉપાયો અમલમાં મુકવા માટે આદેશ કરવામાં આવેલ છે જેના અનુસંધાને શહેર વિસ્તારમાં પર્યાવરણ સુરક્ષા તથા લોકોની સુખાકારી અને આરોગ્યને ધ્યાને લઈને સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રકલ્પો / ઉપાયો અમલમાં મુકેલ છે. સુરત શહેરનું વાતાવરણ હરિયાળું તથા સ્વચ્છ રહે તે લક્ષ્ય સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિવિધ કામગીરીઓ કરેલ છે.

❖ બિન-પરંપરાગત ઉર્જા (ગ્રીન એનર્જી) નું ઉત્પાદન

| ગ્રીન એનર્જી | સ્થાપિત ક્ષમતા | ઉત્પાદન | કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં ઘટાડો |
|---|---|---|---|
| **પવન ઉર્જા** | ૩૦.૩ મેગાવોટ | 75.7 ગીગા-વોટ પ્રતિ વર્ષ | ૫૭,૨૫૦ મે ટન પ્રતિ વર્ષ |
| **સોલાર ઉર્જા** | ૫.૦ મેગાવોટ | ૬.૯ ગીગા-વોટ પ્રતિ વર્ષ | ૫૮૦૦ મે ટન પ્રતિ વર્ષ |

ઉપરાંત,

- કુલ ૪.૬૫ મેગાવોટ ક્ષમતાના વિવિધ સ્થળોએ સ્થાપિત કરેલ સુએઝ ગેસ આધારિત બયોગેસ પાવર પ્લાન્ટ
- શહેર સ્ટ્રીટ લાઈટ વ્યવસ્થા અંતર્ગત  ૧.૦ લાખ થી પણ વધુ એલ.ઈ.ડી.ફીટીંગ્સ
- કુલ ૧૦.૦ મેગાવોટ ક્ષમતાના શહેરમાં શહેરીજનોમાં લગાડેલ રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ્સ

❖ સુએઝ વોટરનું જરૂરી ટ્રીટમેન્ટ બાદ રીસાઈકલ અને ફરી ઉપયોગ

- શહેર ડ્રેનેજ વ્યવસ્થા અંતર્ગત હાલમાં કુલ ૧૧ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપિત કરી દૈનિક રીતે ૯૫૦ મીલીયન લીટર્સ થી પણ વધુ સુએઝ વોટર ટ્રીટમેન્ટ કરવામાં આવી રહેલ છે જે પૈકી કુલ ૪૦ મીલીયન લીટર્સ જેટલા સુએઝનાં જથ્થા ને ઔદ્યોગિક એકમોમાં ઉપયોગમાં લઇ શકાય તે મુજબની ટર્શરી ટ્રીટમેન્ટ કરી ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત, અન્ય ૭૫ મીલીયન લીટર્સ પ્રતિ દિન જેટલી ક્ષમતાના ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપના હેઠળ છે.
- શહેરમાં આવેલ     વિવિધ બાગ-બગીચાઓ ખાતે સેકન્ડરી ટ્રીટમેન્ટ કરેલ પાણીની ઉપયોગ જે અંતર્ગત હાલમાં દૈનિક રીતે કુલ ૩ લાખ લીટર્સ જેટલો જથ્થો ઉપયોગ કરવામાં આવે છે જે આગામી ત્રણ માસ દરમ્યાન વધીને ૩૦ લાખ સુધી ઉપયોગમાં લેવાનું આયોજન
- શહેરી ગરીબો માટે બનાવેલ આવાસોમાં ડ્યુઅલ પાઈપ વ્યવસ્થા અંતર્ગત  ગ્રે-વોટર રીસાઇકલ કરી ઉપયોગ
- મોટા ગાર્ડન જેવા કે કવી કલાપી ગાર્ડન ખાતે ૧.૦ મીલીયન લીટર્સ પ્રતિ દિન ની ક્ષમતાનો પ્લાન્ટ જેના દ્વારા સુએઝ વોટરની ટ્રીટમેન્ટ ગાર્ડન ખાતે કરી ફરી ઉપયોગમાં લઇ શકાશે. સફળતા મળ્યેથી અન્ય મોટા ગાર્ડન ખાતે પણ આ પ્રકારની વ્યવસ્થા સ્થાપિત કરી શકાશે.

❖ ઝીરો લીક્વીડ ડિસ્ચાર્જ વ્યવસ્થા અંતર્ગત ડીંડોલી તેમજ સરથાણા ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કુલ ૩૪ મીલીયન લીટર્સ પ્રતિ દિન રીતે બેક્વોશ વોટર રીસાઈકલ કરી ઉપયોગમાં લેવાનું આયોજન હાલ સદર વ્યવસ્થા સ્થાપના હેઠળ છે જે માર્ચ ૨૦૧૯ સુધીમાં કાર્યરત થશે.

❖ ઘન કચરાનો નિકાલ

- દૈનિક એકત્રિત કરવામાં આવતો જથ્થો – ૨૧૦૦ મે ટન જે પૈકી કુલ ૭૦% જેટલો જથ્થો વર્ગીકરણ કરી ૫૦ મેટન જેટલો જથ્થો પ્લાસ્ટિક વેસ્ટ રી-સાઈકલ કરવામાં આવે છે.
- ૧૫૦-૨૦૦ મેંટન જેટલો કન્સ્ટ્રકશન અને ડેબ્રીઝ અન્વયે ઉત્પન્ન થતો વેસ્ટ
- સુકા ફૂલનાં કચરા માંથી વર્મી કમ્પોસ્ટ બનાવવા અન્વયે ૧.૦ મેં.ટન પ્રતિ દિનની ક્ષમતાનો પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે.

- એ.પી.એમ.સી. – સરદાર માર્કેટ દ્વારા શકાભાજીનાં કચરામાંથી દૈનિક રીતે ૫૦ મેં.ટન જેટલો વેસ્ટ પ્રોસેસ કરવા માટેનો પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે.

ગ્રીન સ્પેસ

- શહેરમાં ૧૭૨ થી વધુ બાગ બગીચાઓ
- એક્વેરિયમ, પ્રાણી સંગ્રહાલય, કમ્યુનીટી હોલ્સ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, વિગેરે

❖ શહેરમાં એર ક્વોલીટી મોનીટરીંગ વ્યવસ્થાની સ્થાપના

- શહેરમાં નક્કી કરેલ ગીચ વિસ્તારો (વરાછા, લિંબાયત) કે જ્યાં એર ક્વોલીટીનું માપન કરવા માટેની વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવેલ છે જેમાં મહત્વના ઘટકો જેવા કે, $PM_{2.5}$, $PM_{10}$, CO, SOx, NOx વિગેરેનું માપન કરવામાં આવે છે.

❖ પબ્લિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા – નાગરીકોની સુરક્ષા તેમજ આરામદાયક મુસાફરી માટે સીટી બસ સર્વિસ તેમજ બી.આર.ટી.એસ. વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવેલ છે.

| | **બી.આર.ટી.એસ.** | **સીટી બસ** |
|---|---|---|
| કુલ બસો | ૧૧૬ | ૨૭૫ |
| રૂટ ની લંબાઈ | ૧૨૦ કી.મી. | ૨૭૬ કી.મી. |
| દૈનિક મુસાફરો | ૮૭,૦૦૦ | ૯૦,૦૦૦ |

**એન્વાયરમેન્ટ પ્રોટેક્શન ચાર્જ ની જોગવાઈ –** આમ, નાગરિકોના આરોગ્ય તથા સુખાકારીને ધ્યાને રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ ઉપાયોને ટકાવી રાખવા તથા પ્રતિ વર્ષ વધુ ને વધુ ગ્રીન Initiative ને લગતા પ્રકલ્પો અમલમાં મુકી શકાય તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા એન્વાયરમેન્ટ પ્રોટેક્શન ચાર્જ લાગુ પાડવા અંગેની ભલામણ કરેલ છે.

| **ક્ષેત્રફળ (ચો.મીટર)** | **વાર્ષિક દર (રહેણાંકીય)** | **વાર્ષિક દર (બિન-રહેણાંકીય)** |
|---|---|---|
| ૦-૧૫ | ૦ | ૩૦ |
| ૧૫.૦૧ થી ૨૫.૦ | ૦ | ૩૦ |
| ૨૫.૦૧ થી ૫૦.૦ | ૨૫ | ૪૦ |
| ૫૦.૦૧ થી ૧૦૦.૦ | ૩૦ | ૫૦ |
| ૧૦૦.૦૧ થી ૨૦૦ | ૧૭૫ | ૩૫૦ |
| ૨૦૦.૦૧ થી ૪૦૦.૦ | ૩૦૦ | ૬૦૦ |
| ૪૦૦.૦૧ થી ૫૦૦.૦ | ૪૫૦ | ૯૦૦ |
| ૫૦૦.૦૧ થી વધુ | ૬૨૫ | ૧૨૫૦ |

આમ, આકરણી વિભાગ નોંધાયેલ રેકર્ડ અનુસાર શહેરમાં કુલ ૧૨.૯૯ લાખ રહેણાંકીય એકમો છે જે પૈકી

❖ કુલ ૪.૬૭ લાખ એકમો ૦-૨૫ ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતા યુનિટો છે જેઓને ઉપરોક્ત ચાર્જમાંથી મુક્તિ આપેલ છે.

❖ કુલ ૭.૧૭ લાખ એકમો ૨૫.૦૧ થી ૧૦૦.૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા યુનિટો છે જેઓ માટે વાર્ષિક દર ફક્ત રૂ.૨૫ અને રૂ.૩૦ પ્રતિ વર્ષ દર્શાવેલ છે.

આમ, શહેરીજનોનાં આરોગ્યને ધ્યાને લેતા તથા વાતાવરણને જાળવવા અમલમાં મુકેલ / મુકવાજોગ વિવિધ ઉપાયોને ટકાવી રાખવાની સમયની માંગ હોય, એન્વાયરમેન્ટ પ્રોટેક્શન ચાર્જ લાગુ પડવાની જરૂરીયાત જણાયેલ. ઉક્ત ચાર્જ લાગુ પાડવામાં જરૂરી કાળજી લેવામાં આવેલ છે કે જેમાં, લગભગ ૯૧ % જેટલાં રહેણાંકીય એકમો કે જેઓને ક્યાં મુક્તિ આપવામાં આવેલ છે કે મામુલી રૂ.૨૫ કે રૂ.૩૦ પ્રતિ વર્ષ લાગુ થશે. બાકીના રહેણાંકીય એકમો કે જેઓની પ્રોપર્ટીની આકારણી ૧૦૦. ચો.મી. થી વધુ હોય તેઓને દર્શાવેલ દર તથા બિન-રહેણાંકિય એકમોમાં ઉપર દર્શાવ્યા અનુસાર દર લાગુ પડશે. આ તમામ લાગુ થયેથી વાર્ષીક રૂ.૮.૦ કરોડ રેવેન્યુ આવક થશે.

# પ્રેસ નોટ

## ''રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસ''ની ઉજવણી નિમિત્તે સાયન્સ લેકચર

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ''રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસ''ની ઉજવણીના ભાગરૂપે સાયન્સ સેન્ટર સુરત ખાતે ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ''સાયન્સ લેકચર''નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગ રૂપે શાળાના ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી.આર.ઓ.નં. 784
તા.૨૭–૦૨–૨૦૧૮

# **પ્રેસનોટ**

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના ઔદ્યોગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૭/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૨૭ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૦૯.૮૦** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૫૦.૭૫** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે. તથા જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા રૂા.૬૭,૦૦૦/- હપ્તાની વસુલાત આજ રોજ કરવામાં આવેલ છે.

વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે કુલ ૦૯ વોટર મીટર કનેકશન કાપવામાં આવેલ છે.

**સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.**

જનસંપર્ક વિભાગ
૨૭/૦૨/૨૦૧૮
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં. 785

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૭/૦૨/ ૨૦૧૮

મે.કમિશ્નરશ્રીની જાહેર સૂચના નં. પીઆરઓ/૬૯૮/૨૦૧૭–૧૮, તા.૨૨/૦૨/૨૦૧૮ અન્વયે પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં તા.૧૭/૦૨/૨૦૧૮ થી તા.૨૭/૦૨/૨૦૧૮ સુધી કોમર્શીયલ તથા રેસીડેન્સીયલ બિલ્ડીંગોમાં માર્જીન તથા પાર્કિંગવાળી જગ્યામાં કરવામાં આવેલ દબાણો દુર કરવામાં આવેલ કામગીરીની બાબત.

- ટી.પી.સ્કીમ નં.૧૮(મોટા વરાછા), ફા.પ્લોટ નં.૫૩, સનરાઈઝ ચેમ્બર્સના બેઝમેન્ટ ફ્લોર ઉપર દર્શાવેલ પાર્કીંગના હેતુ માટેના ભાગમાં આશરે ૩૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ કરી પાર્કીંગ કવર્ડ કરેલ જે ખુલ્લુ કરી, વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલવામાં આવ્યા.
- ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા), ફા.પ્લોટ નં.૧૦ માં આવેલ એફીલ ટાવરમાં આવેલ વરાછા કો.ઓ.બેંક લિ.નું એ.ટી.એમ. રૂમ તથા પાર્કીંગમાં બનાવવામાં આવેલ સ્ટોર રૂમનું શટરનું બાંધકામ દુર કરી તેમજ શટર દુર કરવામાં આવ્યુ.
- ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ફા.પ્લોટ નં.૧૩૫ માં આવેલ ગિરધર પેલેસનાં માર્જીનમાં બનાવવામાં આવેલ અંદાજીત ૨૫૦.૦૦ ચો.મીટરનો પાર્કિંગ ખુલ્લુ કરાવવામાં આવ્યું.
- ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર– નવાગામ), ફા.પ્લોટ નં.૫૨/બી, સવાણી એસ્ટેટમાં આવેલ કોહીનુર રોડ સવાણી એસ્ટેટ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર વિડીયો થીયેટરના મિલ્કતદાર તરફથી આશરે ૯૫.૦૦ ચો.મીટરનો ગ્રાઉન્ડ ફ્લોર કવર્ડ પાર્કીંગ ખુલ્લુ કરવામાં આવ્યુ.
- ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર– નવાગામ), કોહીનુર રોડ મિલ્કતદારો ધ્વારા માર્જીનમાં બનાવેલ ઓટલાનું આશરે ૧૦૦.૦૦ ચો.ફુટ પાર્કીંગ હેતુસર દુર કરવામાં આવ્યા.
- ટી.પી.સ્કીમ નં.૩(કરંજ) માં લાભેશ્વર પોલિસચોકી પાસે ટી.પી.રોડનાં સાઈડના માર્જીન ભાગમાં આશરે ૫૦ ચો.મીટરના માપ વિસ્તારમાં ઓટલા/કાચું–પાકું દબાણ દુર કરવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૧૫(ફુલપાડા), ફા.પ્લોટ નં.૪૬ પૈકી માં આવેલ જય કોમ્પલેક્ષના માર્જીનમાં આશરે ૧૧૩.૦૦ ચો.મી. ના માપ વિસ્તારમાં બનાવેલ ઓટલાનું બાંધકામ પાર્કીંગના હેતુસર દુર કરવામાં આવ્યુ.

- મોજે પુણા, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા),ફા.પ્લોટ નં.૮૭/એ માં આવેલ સહજાનંદ હાઈટસ્ કોમ્પલેક્ષના માર્જીનમાં આશરે ૧૫૦.૦૦ ચો.મી. ના માપ વિસ્તારમાં કરેલ દબાણ દુર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવી.
- વરાછાઝોન શોપીંગ સેન્ટરના માર્જીનમાં આશરે ૧૩૦.૦૦ ચો.મી. ના માપ વિસ્તારમાં કરેલ દબાણ દુર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવી.
- ટી.પી.સ્કીમ નં.૧૮(મોટા વરાછા), ફા.પ્લોટ નં.૪૨,૩૭, ૩૯, ૩૦, લજામણી ચોક થી અબ્રામા પોલીસ ચોકી તરફ જતાં ૪૫.૦૦ મી. ના ટી.પી. રસ્તાની બંને તરફ માર્જીનમાં બનાવેલ ઉચા ઓટલા, ગ્રાઉન્ડ લેવલે/રસ્તા લેવલે કરવા તેમજ આશરે ૧૫'.૦૦'' × ૧૦'.૦૦'' ના વીસ જેટલા પતરાના શેડ દુર કરી, આશરે ૬૯૭.૦૦ ચો.મી. ના માપ વિસ્તારમા પાર્કીંગ એપ્રોચ બનાવવા બાબત ડીમોલીશન કરવાની કામગીરી કરવામાં આવી.
- ટી.પી.સ્કીમ નં.૧૮(મોટા વરાછા), ફા.પ્લોટ નં.૪૧,૨૭,૪૦,૩૮, લજામણી ચોક થી અબ્રામા પોલીસ ચોકી તરફ જતાં ૪૫.૦૦ મી. ના ટી.પી. રસ્તાની બંને તરફ માર્જીનમાં બનાવેલ ઉચા ઓટલા, ગ્રાઉન્ડ લેવલે/રસ્તા લેવલે કરવા તેમજ આશરે ૧૫'.૦૦'' × ૧૦'.૦૦'' ના વીસ જેટલા પતરાના શેડ દુર કરી, આશરે ૬૯૭.૦૦ ચો.મી. ના માપ વિસ્તારમા પાર્કીંગ એપ્રોચ બનાવવા બાબત ડીમોલીશન કરવાની કામગીરી કરવામાં આવી.
- ટી.પી.સ્કીમ નં.૧૮(મોટા વરાછા), ફા.પ્લોટ નં.૩૧,૯, રઘુવીર શોપર્સની સામે, અબ્રમા પોલીસ ચોકીની પાસે માર્જીનના ઉચા ઓટલા, ગ્રાઉન્ડ લેવલે/રસ્તા લેવલે કરી, આશરે ૭૪૪.૦૦ ચો.મી. પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવી.
- ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ડાહયા પાર્ક સોસાયટી માંથી પસાર થતો ટી.પી. રોડ માર્જીનમાં બનાવેલ ઓટલા, દાદર તથા પતરાના શેડ દુર કરી, આશરે ૧૪૦.૦૦ ચો.મી. પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવી.

ઉપરોકત તમામ કામગીરી મળી આશરે કુલ ૩૪૬૬.૦૦ ચો.મી. પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ, સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

યુ.સી.ડી. વિભાગ

અખબારી યાદી

**સખીમંડળ : બચતથી બઢત તરફ પ્રયાણ ... નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત "વાલી મીટીંગ-૨૦૧૮" દરમ્યાન સખીમંડળો દ્વારા નાસ્તા/ફૂડ પેકેટ પુરા પાડવામાં આવ્યા.**

**વિષય** :નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત "વાલી મીટીંગ-૨૦૧૮" દરમ્યાન સખીમંડળો દ્વારા તા.૨૧/૦૨/૨૦૧૮ થી તા.૨૮/૦૨/૨૦૧૮ દરમ્યાન વિવિધ ઝોન ખાતેના કાર્યક્રમોમાં નાસ્તા/ફૂડ પેકેટ પુરા પાડવામાં આવ્યા.

સુરતમાં ટેક્ષટાઈલ, ડાયમંડ, ઝરી, બાંધકામતથા અન્ય ઔદ્યોગિક ક્ષેત્રોના વિકાસે માત્ર ગુજરાતમાંથી જ નહિ પરંતુ સમગ્ર દેશમાંથી લોકોને રોજગારી માટે આકર્ષિત કર્યા છે. અન્ય શહેરો ની જેમ સુરતમાં પણ સ્થાનિક પ્રશાસન માટે આ જનસમૂહની પ્રાથમિક જરૂરીયાત સંતોષવી પડકારરૂપ હોય છે. સુરત મહાનગપાલિકા શહેરીજનોને સર્વ સુવિધાઓ પૂરી પાડવાના અવિરત પડકારને પહોંચી વળવા તથા સુંદર, સ્વચ્છ, વિકાશલક્ષી અને ધબકતાં શહેરના નિર્માણ તેમજ સર્વસમાવેશક વિકાસ (Inclusive Growth) ની જરૂરીયાતોને ધ્યાને લઈને શહેરી ગરીબોના સર્વાંગી વિકાસ તથા સ્વાવલંબન માટે વિવિધ કાર્યક્રમો/યોજનાઓ કાર્યાન્વિત છે.

યુનાઇટેડ નેશન્સ દ્વારા "સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ" માં "ઝીરો પોવર્ટી" ને પ્રથમ ધ્યેય તરીકે સ્વીકાર કરેલ હોય ત્યારે શહેરકક્ષાએ યુ.સી.ડી. સુરત મહાનગરપાલિકા દ્વારા દીનદયાળ અંત્યોદય યોજના –રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ શહેરી ગરીબ પરિવારોને ગૌરવભેર રોજગાર અને સ્વરોજગાર પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. આ ઉપરાંત યુ.સી.ડી. વિભાગ દ્વારા વિકાસપ્રવાહની મુખ્યધારાથી વંચિત વર્ગ ખાસ કરીને મહિલાઓ અને શહેરી ગરીબ લોકો પર ધ્યાન કેન્દ્રિત કરીને "એક્શન બીફોર રીએક્શન" અભિગમ સાથે "ક્રિએટ ન્યુ એવન્યુ ફોર રેવન્યુ"ના વ્યૂહ સાથે શહેરી ગરીબ મહિલાઓને રોજગાર મળી રહે તે માટેવિભાગ દ્વારા રાખીમેલા, નવરાત્રીમેલા, માટીમૂર્તિ મેલા,હુન્નર, પિંક ઓટો પ્રોજેક્ટ જેવા અનેક કાર્યક્રમો/પ્રોજેક્ટ્સ અમલીકૃત છે.

સરકારશ્રીની દીનદયાળ અંત્યોદય યોજના –રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન તથા મિશન મંગલમ (અર્બન) અંતર્ગત રચાયેલ સખીમંડળના બહેનોને આર્થિક સશકત બનાવવા યોજના અંતર્ગત તેઓએ કરેલ બચત તથા સરકારશ્રી દ્વારા રીવોલ્વીંગ ફંડ પેટેની આર્થિક સહાય દ્વારા ઉભા થયેલ ભંડોળને યોગ્ય દિશા આપી આર્થિક ઉપાર્જન થઇ શકે તે માટે સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા તા.૨૧/૦૨/૨૦૧૮ થી તા.૨૮/૦૨/૨૦૧૮ દરમ્યાન વિવિધ ઝોન ખાતે આયોજિત "વાલી મીટીંગ-૨૦૧૮"ના કાર્યક્રમોમાં દરમ્યાન નાસ્તો/ફૂડ પેકેટ પુરા પાડવા જરૂરી પ્રક્રિયા થકી સખીમંડળોને કામગીરી સોપવામાં આવી હતી.સખીમંડળના બહેનો દ્વારા રજુ કરવામાં આવેલ નાસ્તાના નમુના ગુણવતાયુક્ત અને આર્થિક દ્રષ્ટીએ સસ્તા હોવાથી તેઓને કામગીરી મેળવવામાં મદદ મળેલ. આ કામગીરીના સંદર્ભમાં સખીમંડળના બહેનો દ્વારા નાસ્તો તૈયાર કરી તથા બહેનોએ સાથે મળી નાસ્તાના પેકેટનું પેકિંગ કરી પેકેટદીઠ રૂ. ૧૫/- લેખે ૪૨,૦૦૦ નાસ્તો/ફૂડ પેકેટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા જણાવેલ સ્થળે અને સમયે સફળતાપૂર્વક પુરા પાડયા. આ કામગીરી માટે જરૂરી આર્થિક રોકાણ સખીમંડળના બહેનોએ તેમના જૂથની બચતમાંથી કર્યું.

## વિશ્વ વન્યજીવ દિવસ –૨૦૧૮ ની ઉજવણી તા. ૦૩/૦૩/૨૦૧૮ ના રોજ ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુલોજીકલ ગાર્ડન, સરથાણા ખાતે કરવામાં આવશે.

વિશ્વ વન્યજીવ દિવસનું આયોજન વૈશ્વિક સ્તરે વન્ય જીવોની રક્ષણ અને સંરક્ષણની દિશામાં જાગૃતતા, સહયોગ અને સમન્વયનું લક્ષ્ય પ્રદર્શિત કરે છે. તે અન્વયે વન્ય અને પર્યાવરણ મંત્રાલયના વિભાગ નામે " સેન્ટ્રલ ઝુ ઓથોરીટી " ન્યુ દિલ્હી અને ગુજરાત સરકારશ્રીના વન વિભાગ તરફથી મળેલ આદેશાનુસાર વિશ્વ વન્યજીવ દિવસ–૨૦૧૮ ની ઉજવણી તા.૦૩/૦૩/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા પ્રાણી સંગ્રહાલય ખાતે ૧૦:૩૦ થી બપોરે ૧૩:૦૦કલાક દરમ્યાન કરવામાં આવશે. જેમાં વિલુપ્ત થતાં વન્યજીવો તથા અન્ય વન્યજીવોની ચિંતનિય સંખ્યામાં સુધાર અને વન્ય જીવોની સંરક્ષણ જેમાં ખાસ કરીને, મોટી પ્રજાતિની દુર્લભ બિલાડીઓની સંખ્યામાં થઈ રહેલ સદંતર ઘટાડો ધ્યાને રાખી આ પ્રજાતિનું કઈ રીતે જતન, રક્ષણ અને સંરક્ષણ કરવું બાબતે પ્રાણી સંગ્રહાલય ખાતે આવતા મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓને ખાસ પ્રશિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત ભારત ભરમાં જોવા મળતી પાંચ મોટી દુર્લભ પ્રજાતિની બિલાડીઓની ઓળખ માટે પોસ્ટરો મારફતે પ્રદર્શન, આ દુર્લભ પ્રજાતિની બિલાડીઓનું સંરક્ષણ અને રક્ષણ કરવા મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓને સપથ લેવડાવવાનું, દુર્લભ પ્રજાતિના વન્યજીવોનો શિકાર પર રોક અને તેના અવશેષોથી બનાવેલ સાધન–સામગ્રીનો બહિષ્કાર કરવાનું તેમજ દુર્લભ બિલાડીઓના મુળ રહેઠાણના વિસ્તારોને નષ્ટ થવાથી બચાવવા અંગે વિસ્તુત ચર્ચા કરવામાં આવશે.

ભારત ભરમાં જોવા મળતી પાંચ દુર્લભ પ્રજાતિની મોટી બિલાડીઓમાં સિંહ, વાઘ, દિપડો, સ્નો લેપર્ડ, અને કલાઉડેડ (વાદળી દિપડા) નો સમાવેશ થાય છે. આ તમામ દુર્લભ અને વિલુપ્ત થઈ રહેલ બિલાડીઓની પ્રજાતિઓ બાબતે વિસ્તુત જાણકારી તમામ જાગૃત નાગરીકો, વિદ્યાર્થીઓ અને પ્રકૃતિ પ્રેમીઓને મળી રહે તમામને તા.૦૩/૦૩/૨૦૧૮ ના રોજ ઉકત પ્રસંગે સરથાણા પ્રાણીસંગ્રહાલયની મોટી સંખ્યામાં મુલાકાત લેવા પ્રાણી સંગ્રહાલય કચેરીએ એક યાદીમાં જણાવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 788
તા.૨૮-૦૨-૨૦૧૮

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૨૪** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૦૮.૧૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૪૦.૧૦** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

વધુમાં પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૧૧** મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ **૦૩** મિલકતના વોટર મીટરના કુલ **રૂા.૬૬,૩૬૮/–** ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

એડી.સીટી ઈજેનરશ્રી(સીવીલ), સેન્ટ્રલ ઝોન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી (દક્ષિણ)ની સીધી સૂચના મુજબ આજ તા.૨૮/૦૨/૨૦૧૮નાં રોજ સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૯ અને ૧૦ માં આવેલ ચૌટાબજારના દુકાનદારો / ફેરીયાઓ દ્વારા જાહેર રસ્તાઓ ઉપર અનઅધિકૃત કરવામાં આવતા દબાણ દૂર કરવાની તેમજ દુકાનદારો દ્વારા રસ્તા પર બહાર કાઢેલ લોખંડની એંગલો પ્રોજેકશન દૂર કરી ચૌટાબજારનાં આ જાહેર રસ્તાઓ ટ્રાફિકની સરળતા માટે અંદાજે ૫૫૦ ર.મી. માં રોડ ખુલ્લાં કરવાની કામગીરી તેમજ પ્લાસ્ટીકની ખુરશી/ ટેબલ નં. ૦૩, લોખંડ ટેબલ નં. ૧, સ્ટીલની એંગલ નંગ. ૨૫, સ્ટીલની જાળી નંગ. ૧૧, પાથરણા નંગ. ૧૯૨, તથા અન્ય પરચુરણ સામાન નંગ. ૮૩ મળી કુલ. ૩૧૫ નંગ વિગેરે વસ્તુઓ દબાણડેપોમાં જમા લેવામાં આવેલ છે. આ કામગીરી માટે દુકાનદારો પાસે વહીવટી ચાર્જ રૂા. ૮,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદર કામગીરી અઠવા પોલીસ સ્ટાફની મદદથી નીચે જણાવેલ સ્ટાફ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોનનો દબાણનો સ્ટાફ, શહેર વિકાસ વિભાગનો સ્ટાફ, લોકસેવા વિભાગનો સ્ટાફ, ડેપ્યુટી ઈજેનર – ૦૨, આસી. / જુની. ઈજેનર – ૦૭, ટેક.આસી. – ૦૧, બેલદાર – ૨૩, સીકયુરીટી સ્ટાફ – ૦૪ મળી કુલ ૩૭ સુરત મહાગનરપાલિકાનો સ્ટાફ તેમજ પી.એસ.આઈ. – ૦૧, એ.એસ.આઈ. – ૦૧, કોન્સ્ટેબલ – ૧૦ (પુરૂષ) અને ૫ (સ્ત્રી) મળી કુલ ૧૭ જેટલા પોલીસ સ્ટાફની મદદ ધ્વારા આ દબાણ હટાવવાની કામગીરી સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવી.

વધુમાં વોર્ડ નં. ૯, નોંધ નં. ૧૬૨૫ ખાતે આવેલ મિલ્કતમાં પ્રથમ માળે ૨(બે) રોલીંગ શટર તેમજ સ્કેફોલ્ડીંગ, શટરીંગ દૂર કરી ૫૦ ચો.ફુ. ગેરકાયદેસર બાંધકામ દુર કરી વહીવટી ચાર્જ પેટે રૂ. ૧૦,૦૦૦ /– વસૂલવામાં આવેલ છે.

૭૯૧

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) અને ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રીની સુચના મુજબ આગામી હોળીનાં તહેવાર નિમિત્તે અત્રેના ફુડ સેફટી ઓફિસરોએ તા.૨૬/૦૨/૨૦૧૮, તા.૨૭/૦૨/૨૦૧૮ તથા તા.૨૮/૦૨/૨૦૧૮ નાં રોજ નીચે જણાવેલ સંસ્થામાંથી કુલ– ૨૦ સંસ્થાઓ ચેક કરી સંસ્થામાંથી શીખંડ/મઠો, દાળીયા અને શેકેલા ચણા/સીંગ દાણાનાં કુલ–૩૪ નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂ ફુડ એનાલીસ્ટશ્રી, રાજકોટ તથા ભુજ ખાતે મોકલાવી આપેલ છે. જેનો રીપોર્ટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.ન. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ | લીધેલ નમુનાનુ નામ |
|---|---|---|---|
| ૧. | ન્યુ જનતા ડેરી | સોસીયો સર્કલ, સુરત | – સાદો શ્રીખંડ<br>– ડ્રાયફ્રુટ શ્રીખંડ |
| ૨. | મુરલીધર દાણા ચણા સેન્ટર | ૪/૨૦૪૪, બેગમપુરા, નવાબની વાડી, સુરત | – દાળિયા<br>– ચણા |
| ૩. | મે. બી.એન. એન્ડ સન્સ | ડ્રિમ લેન્ડ, નિર્મલ નગર સોસા., સરથાણા, સુરત | – સાદો શ્રીખંડ<br>– ઈલાયચી શ્રીખંડ |
| ૪. | જય શ્રી ગણેશ દાણા ચણા સેન્ટર | હરે ક્રિષ્ણા કોમ્પ., શ્વેતા સોસા., એ.કે. રોડ, સુરત | – શેકેલા ચણા<br>– દાળિયા |
| ૫. | ક્રિષ્ણા દાનાચણા એન્ડ બેકરી સેન્ટર | પ્લોટ નં.–૨૭, નવાગામ, ડિંડોલી, સુરત | – દાળિયા |
| ૬. | વિજય ડેરી | યુ–૪, રામશા ટાવર, અડાજણ, સુરત | – સાદો શ્રીખંડ<br>– ઈલાયચી શ્રીખંડ |
| ૭. | ભગવતી દાણા ચણા સેન્ટર | પ્રકાશ બેકરીની પાસે, રામ નગર, સુરત | – શેકેલા ચણા<br>– સીંગ દાણા |
| ૮. | શ્રી આઈ માતા સીંગ ચણા સેન્ટર | શ્યામ સુંદર એપાર્ટ., છાપરાભાઠા–અમરોલી રોડ, સુરત | – શેકેલા ચણા<br>– દાળિયા |
| ૯. | મે. રંગીલદાસ માણેકલાલ મમરાવાલા | ૫/૪૦૦, હરીપુરા, કાંસકીવાડ, સુરત | – શેકેલા ચણા<br>– દાળિયા |
| ૧૦. | ન્યુ જનતા ડેરી | ૩/૨૮૮૫/૮/૦/૧, રાજ એપાર્ટ., સલાબતપુરા, સુરત | – સાદો શ્રીખંડ<br>– ડ્રાયફ્રુટ શ્રીખંડ |
| ૧૧. | અવધ ડેરી એન્ડ સ્વીટ | બાપા સીતારામ ચોકડી, બીઆરટીએસ પાસે, સુરત | – સાદો શ્રીખંડ<br>– ઈલાયચી શ્રીખંડ |
| ૧૨. | ચણા ભંડાર | ગલેમંડી મેઈન રોડ, સુરત | – શેકેલા ચણા<br>– દાળિયા |
| ૧૩. | જગદીશ પોલક ભંડાર | ગલેમંડી મેઈન રોડ, સુરત | – શેકેલા ચણા<br>– દાળિયા |
| ૧૪. | જનતા ડેરી એન્ડ સ્વીટ | સગરામપુરા, સુરત | – સાદો શ્રીખંડ<br>– ડ્રાયફ્રુટ શ્રીખંડ |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | જયશ્રી કૃષ્ણ દાણા ચણા | રતનજી નગર કો.ઓ.હા.સોસા., એ.કે. રોડ, સુરત | – દાળિયા |
| ૧૬. | રામકૃષ્ણ ડેરી એન્ડ સ્વીટ | સાંઈ એવન્યુ, ઉત્રાણ પાવર હાઉસ, ઉત્રાણ, સુરત | – ડ્રાયફ્રુટ મઠો |
| ૧૭. | વિજય ડેરી | ગુજરાત ગેસ સર્કલ, અડાજણ, સુરત | – સાદો શ્રીખંડ |
| ૧૮. | કોર્નર ક્રીમ | ચાઈનાગેટ, અલથાણ, સુરત | – સાદો શ્રીખંડ<br>– ડ્રાયફ્રુટ શ્રીખંડ |
| ૧૯. | મણીલાલ વીજ ભુખણદાસ એન્ડ કંપની | એસ.કે. ઈન્ડ્રઈ એસ્ટેટ, યુ.એમ. રોડ, સુરત | – સાદો શ્રીખંડ |
| ૨૦. | મેટ્રો કેશ એન્ડ કેરી પ્રા.લી. | અલથાણ ગામ, સુરત | રોસ્ટ્રેડ ચણાદાલ |

# પ્રેસ નોટ

તા.૦૩/૦૩/૨૦૧૮ થી તા.૧૩/૦૩/૨૦૧૮ ના સાયન્સ સેન્ટર સુરત આર્ટ ગેલેરીનાં પ્રથમ માળ પર એસ્ટ્રોફોટોગ્રાફી પ્રદર્શન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં એસ્ટ્રોનોમી વિષય અંતરગત આકાશગંગા, સૂર્યમંડળના સભ્યો (સૂર્ય,ચંદ્ર,ગ્રહો), તારાસહ રાત્રિઆકાશ, સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે.સદર પ્રદર્શનમાં ગુજરાત રાજયનાં ૩૭ ફોટોગ્રાફર દ્વારા એસ્ટ્રોનોમી વિષય ઉપર આધારિત ૧૬૦ ફોટોગ્રાફસ પ્રદશિત કરવામાં આવેલ છે. સદર પ્રદર્શન શહેરીજનો નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ વિના મૂલ્યે નિહાળી શકશે.

પ્રદર્શનનો સમય

તા. ૦૬ થી ૦૯ અને ૧૩ થી માર્ચ ૨૦૧૮ ના રોજ સવારે ૯:૩૦ થી ૪:૩૦

તા. ૦૩,૦૪ તથા ૧૦,૧૧ માર્ચ ૨૦૧૮ ના રોજ સવારે ૧૧:૩૦ થી સાંજે ૦૬:૩૦ સુધી

તા. ૫ અને ૧૨ માર્ચ ૨૦૧૮ ના રોજ સાયન્સ સેન્ટર બંધ રહેશે.

# પ્રેસ નોટ

## સાયન્સ લેકચર

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ''રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસ''ની ઉજવણીના ભાગરૂપે સાયન્સ સેન્ટર સુરત ખાતે ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ''સાયન્સ લેકચર''નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિ ચેરમેન શ્રીમતી રૂપલબેન શાહ ઉપસ્થિત રહયા હતા. સુરત શહેરની ૭ શાળાના ધોરણ ૮ થી ૧૦ના કુલ ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ લેકચરમાં ભાગ લીધો હતો. ડો. પૃથુલ આર. દેસાઈ દ્વારા "Waves in Nature" વિષય પર સાયન્સ લેકચર આપવામાં આવ્યો હતો જેમાં તેઓ દ્વારા વિવિધ પ્રકારના તરંગો તેમજ પ્રકાશની કણ પ્રકૃતિ અને તરંગ પ્રકૃતિ વિશે વિશેષ છણાવટ કરવામાં આવી હતી. લેકચર બાદ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

૭૯૫

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૩/૦૨/૨૦૧૮ થી તા.૦૧/૦૩/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૫૬૯ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૭૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૭ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૭ |

# <u>પ્રેસનોટ</u>

એડી.સીટી ઈજેનરશ્રી(સીવીલ), સેન્ટ્રલ ઝોન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી (દક્ષિણ)ની સીધી સૂચના મુજબ તા.૨૮/૦૨/૨૦૧૮નાં રોજ સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૯ અને ૧૦ માં આવેલ ચૌટાબજારના દુકાનદારો / ફેરીયાઓ દ્વારા જાહેર રસ્તાઓ ઉપર અનઅધિકૃત કરવામાં આવતા દબાણ દૂર કરવાની તેમજ દુકાનદારો દ્વારા રસ્તા પર બહાર કાઢેલ લોખંડની એંગલો પ્રોજેકશન દૂર કરી ચૌટાબજારનાં આ જાહેર રસ્તાઓ ટ્રાફિકની સરળતા માટે ખુલ્લા કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. જે કામગીરી **આજરોજ ફરી તા.૦૩/૦૩/૨૦૧૮ના રોજ** ચાલુ રાખી. અંદાજે ૭૦૦ ર.મી. માં રોડની બંને બાજુ ૭.૫ ફુટની દબાણની જગ્યા ખુલ્લી કરવાની કામગીરી તેમજ ખુલ્લી લારી નં. ૦૬, ધોડાવાળા રેંક નં.૦૩, લાકડાંનાં ફોલ્ડીંગ ટેબલ નં. ૦૩, લોખંડની જાળી નંગ. ૦૨, લોખંડનાં ફોલ્ડીંગ ટેબલ નંગ ૦૨, ફુડ સ્ટેજ નંગ ૦૧, લોખંડ એંગલ નંગ ૧૦, પાથરણા નંગ. ૯૫, મળી કુલ.૧૨૨ નંગ વિગેરે વસ્તુઓ દબાણડેપોમાં જમા લેવામાં આવેલ છે. ઉપરોકત કામગીરી દરમ્યાન જાહેર માર્ગ ઉપર ઉભા કરવામાં આવે લોખંડના સ્ટેન્ડ, એંગલો ગેસ કટર મશીનોથી કાપીને પણ દૂર કરવામાં આવેલ છે. આ કામગીરી માટે દુકાનદારો પાસે વહીવટી / દબાણ ચાર્જ રૂા. ૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદર કામગીરી અઠવા પોલીસ સ્ટાફની મદદથી નીચે જણાવેલ સ્ટાફ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોનનો દબાણનો સ્ટાફ, શહેર વિકાસ વિભાગનો સ્ટાફ, લોકસેવા વિભાગનો સ્ટાફ, ડેપ્યુટી ઈજેનર – ૦૨, આસી. / જુની. ઈજેનર – ૦૮, ટેક.આસી. – ૦૧, લેબર – ૨૭, મળી કુલ ૩૮ સુરત મહાગનરપાલિકાનો સ્ટાફ તેમજ એ.એસ.આઈ. – ૦૧, કોન્સ્ટેબલ – ૦૬ (પુરૂષ) અને ૫ (સ્ત્રી) મળી કુલ ૧૨ જેટલા પોલીસ સ્ટાફની મદદ ધ્વારા આ દબાણ હટાવવાની કામગીરી સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવી.

<u>પ્રેસ નોટ</u>

" Award

for

" 10TH CIDC Vishwakarama Awards-2018 "

પ્લાનીંગ કમિશન, ભારત સરકાર દ્વારા સ્થાપિત કન્સટ્રક્શન ઈન્ડસ્ટ્રી ડેવલોપમેન્ટ કાઉન્સીલ (CIDC) દ્વારા દર વર્ષે એવોર્ડ અંતર્ગત વિવિધ કેટેગરીઓમાં સંસ્થા કે વ્યકિત વિશેષને તેઓના વિવિધ ક્ષેત્રે કરેલા યોગદાનને બિરદાવવા સારુ "CIDC Vishwakarama Awards " નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરુપે સદર સંસ્થા દ્વારા " 10th CIDC Vishwakarama Awards-2018 " અંતર્ગત તા. ૩૦/૧૧/૨૦૧૭ સુધીમાં વિવિધ કેટેગરીઓ માટે નોમિનેશન મંગાવવામાં આવેલ. જેમાં સુરત મહાનગર પાલિકા દ્વારા "Achievement award for Best Construction Projects" કેટેગરી અંતગર્ત "Urban Infrastructure" સબકેટેગરીમાં અન્વયે સોલાર પાવર પ્લાન્ટ અંગે શહેર લેવલે કરેલ કામગીરીઓને આવરી લઈને Installation and/or Promotion of Education of Rooftop grid connected Solar Plants Through Net Metering in Public of Surat" નામક શીર્ષકથી સદરહુ એવોર્ડ માટે સબમીશન કરવામાં આવેલ.

સુરત મહાનગર પાલિકા દ્વારા સબમીટ કરેલ ઉપરોક્ત નોમીનેશનને કન્સટ્રક્શન ઈન્ડસ્ટ્રી ડેવલોપમેન્ટ કાઉન્સીલ (CIDC) દ્વારા આગળની વધુ કાર્યવાહી માટે શોર્ટલીસ્ટ કરી તા. ૧૮.૦૨.૨૦૧૮ થી તા. ૧૯.૦૨.૨૦૧૮ દરમ્યાન તેઓની બે (૨) મેમ્બરની નિષ્ણાંતોની ટીમ દ્વારા રૂબરૂ આવીને મુલાકાત લીધેલ અને ક્લેમ કરેલ તમામ આંકડાઓની ખરાઈ કરેલ. જેના ફળસ્વરુપે સુરત મહાનગરપાલિકાને "વિશ્વકર્મા એવોર્ડ"થી નવાજવા ફાયનલ કરેલ છે. સદર એવોર્ડ રુપે સુરત મહાનગર પાલિકાના Installation and/or Promotion of Education of Rooftop grid connected Solar Plants Through Net Metering in Public of Surat" નામક પ્રોજેક્ટને ટ્રોફી તેમજ સર્ટીફિકેટથી નવાજવામાં આવશે જે પૈકી સુરત મહાનગર પાલિકાને એવોર્ડ / ટ્રોફી તા. ૦૭/૦૩/૨૦૧૬ ના રોજ સ્ટેન ઓડીટોરીયમ, ઈન્ડિયા હેબીટેટ સેન્ટર, ન્યુ દિલ્લી ખાતે એનાયત કરવામાં આવશે. સદરહુ એવોર્ડ મા. મેયરશ્રીનાં વરદહસ્તે સ્વીકારવામા આવનાર છે.

**************************

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર [illegible] તરફથી સાદર

સમાચાર યાદી નં 797

તા.૦૬-૦૩-૨૦૧૮


Construction Industry Development Council (CIDC)
22nd CIDC Annual Day
&


Construction Industry Development Council (CIDC)
22nd CIDC Annual Day
&



The
Board of Governors
of
Construction Industry Development Council

CIDC Vishwakarma Awards 2018

Upon the recommendation of Jury,
This Commemorative Trophy is presented to
the following project

Rooftop grid connected Solar Plants through
Net Metering, Surat

Under category
Best Construction Projects
7th March 2018, New Delhi


Construction Industry Development Council
10th CIDC Vishwakarma Awards 2018
Upon the Recommendation of Jury
The Trophy & Scroll of Commendation are hereby presented to
Surat Municipal Corporation
For Rooftop grid connected Solar Plants Through Net Metering, Surat
Under Category
Best Construction Projects
Dr. P. S. Rana
Chairman, CIDC

૭૯૮

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૦૫/૦૩/૨૦૧૮ તથા ૦૬/૦૩/૨૦૧૮ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૫૩** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૪.૫૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ સદર બે દિવસ દરમ્યાન મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૮૩.૪૨** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

વધુમાં સદર બે દિવસ દરમ્યાન પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૨૮** મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ **૧૦** મિલકતોના વોટર મીટરના કુલ **રૂા.૦૩.૧૬** લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

## :: પ્રેસનોટ ::

### "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન યોજાનાર "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"

સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ, એસ.એમ.સી. રિપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રિપોર્ટર, સુરત પ્રેસ ફોટોગ્રાફર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નું આયોજન તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૦૭/૦૩/૨૦૧૮ને બુધવારના રોજ સવારના ખુશનુમા વાતાવરણમાં સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ ટોસ ઉછાળી ક્રિકેટ મેચનો શુભારંભ કરાવશે. પ્રથમ મેચ મેયર્સ ટીમ અને ચેનલ કેમેરામેન ટીમ વચ્ચે યોજાશે. આ ટુર્નામેન્ટમાં તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન નીચે મુજબની મેચો રમાનાર છે.

| તારીખ | સવારે ૮.૦૦ કલાકે | સવારે ૧૧.૦૦ કલાકે |
|---|---|---|
| ૦૭/૦૩/૨૦૧૮ | મેયર ટીમ<br>VS<br>ચેનલ કેમેરામેન ટીમ | એસએમસી પ્રેસ કલબ ટીમ<br>VS<br>રીજીયોનલ ચેનલ ટીમ |
| ૦૮/૦૩/૨૦૧૮ | એસ.એમ.સી. રિપોર્ટર ટીમ<br>VS<br>પ્રેસ ફોટોગ્રાફર ટીમ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ<br>VS<br>પત્રકાર સંઘ ટીમ |
| ૦૮/૦૩/૨૦૧૮<br>બપોરે ૨.૦૦ કલાકે | તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજની સવારની મેચની વિજેતા ટીમ<br>VS<br>કમિશનર ટીમ | |
| ૦૯/૦૩/૨૦૧૮ | તા.૦૭/૦૩/૨૦૧૮ના રોજની સવારની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૦૭/૦૩/૨૦૧૮ના રોજની બપોરની મેચની વિજેતા ટીમ | તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજની સવારે૧૧ કલાકની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજની બપોરે ૨.૦૦ કલાકની મેચની વિજેતા ટીમ |
| ૧૦/૦૩/૨૦૧૮<br>(સવારે ૮.૦૦ કલાકે) | <u>ફાયનલ મેચ</u><br>તા.૦૯/૦૩/૨૦૧૮ના રોજની સવારની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૦૯/૦૩/૨૦૧૮ના રોજની બપોરના મેચની વિજેતાટીમ | |

"મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"ની ઉપરોકત મેચો નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. 799 , તા.૦૬/૦૩/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

Mayor cup cricket-18

૮૦૦

# પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૦૫/૦૩/૨૦૧૮ તથા ૦૬/૦૩/૨૦૧૮ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા  વેરો ન ભરનાર કુલ **૫૩** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂા.૧૪.૫૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ સદર બે દિવસ દરમ્યાન મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂા.૮૩.૪૨** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

વધુમાં સદર બે દિવસ દરમ્યાન પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૨૮** મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ **૧૦** મિલકતોના વોટર મીટરના કુલ **રૂા.૦૩.૧૬** લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# :: પ્રેસનોટ ::

## "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નો શુભારંભ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન યોજાનાર "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ –૨૦૧૮"

સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ, એસ.એમ.સી. રીપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રીપોર્ટર, સુરત પ્રેસ ફોટોગ્રાફર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નું આયોજન તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૦૭/૦૩/૨૦૧૮ના રોજ સવારે ૮.૩૦ કલાકે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે મેયર ટીમ અને ચેનલ કેમેરામેન ટીમ વચ્ચે તથા બપોરે રીજીયોનલ ચેનલ રીપોર્ટર ટીમ અને પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમ વચ્ચે રમાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રી, મ્યુનિસિપલ સભ્યશ્રીઓએ ટોસ ઉછાળી "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નો શુભારંભ કરાવ્યો હતો.

ચેનલ કેમેરામેન ટીમએ ટોસ જીતી પ્રથમ બોલીંગ પસંદ કરી હતી. બેટીંગમાં ઉતરેલ મેયર ઈલેવને નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટે શાનદાર ૨૦૨ રન કર્યા હતા. જેમાં શ્રી રમેશભાઈ ઉકાણીએ ૪૫ બોલમાં ૬૯ રન, શ્રી ભાવેશભાઈ ભુંભળીયાએ ૨૪ બોલમાં ૩૭ રન અને શ્રી ભદ્રેશભાઈ પરમારએ ૧૦ બોલમાં ૧૭ રન મુખ્ય હતા. ચેનલ કેમેરામેન ટીમના બોલરો કુશલ પંડયા અને દેવેશ સોલંકી ૦૩–૦૩ વિકેટ અને દેવાંગ રાણાએ ૦૨ વિકેટ ઝડપી હતી. મેયર ટીમે આપેલ ૨૦૩ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ ચેનલ કેમેરામેન ટીમ શ્રી સતીશ પટેલના ૩ ઓવરમાં ૨ રન આપી ૬ વિકેટ અને અને શ્રી ભદ્રેશભાઈ પરમારના ૩ ઓવરમાં ૬ રન આપી ૨ વિકેટ ઝડપતી ઝંઝાવાતી બોલીંગ સામે ૬.૧ ઓવરમાં માત્ર ૮ રને ઓલ આઉટ થતાં મેયર્સ ઈલેવનનો ૧૯૪ રનથી ભવ્ય વિજય થયો હતો.

તા.૦૭/૦૩/૨૦૧૮ના રોજ ટુર્નામેન્ટની બીજી મેચ બપોરે ૧૨.૦૦ કલાકે રીજીયોનલ ચેનલ રીપોર્ટર ટીમ અને પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમ વચ્ચે યોજાઈ હતી. રીજીયોનલ ચેનલ રીપોર્ટર ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી ગૌતમ ધાંધલીયાના ૧૩ બોલમાં ૧૭ રન, ચેતન પટેલના ૧૧ બોલમાં ૧૬ રન અને દેવેન ચિત્તેના ૧૫ રનની મદદથી ૧૫.૩ ઓવરમાં ૧૦૩ રન કર્યા હતા. પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમ વતી અમિત ગોસાઈ અને મયુર પટેલએ ૩,૩ વિકેટ તથા જયેશ બ્રહ્મભટ્ટએ ૨ વિકેટ લીધી હતી. પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમના કેનીલ પટેલના ૩૮ બોલમાં ૪૮ રન અને અમિત ગોસાઈના ૨૧ બોલમાં ૨૨ રનની મદદથી હરિફ ટીમએ આપેલ લક્ષ્યને ૧૪.૩ ઓવરમાં ૫ વિકેટે જ પાર પાડતાં પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમનો ૫ વિકેટથી વિજય થયો હતો. રીજીયોનલ ચેનલ રીપોર્ટર ટીમ વતી ભરત બ્રહ્મભટ્ટ અને ચેતન પટેલએ ૨– ૨ વિકેટ લેવામાં સફળતા મળી હતી.

આ ટુર્નામેન્ટમાં હવે પછી નીચે મુજબની મેચો રમાનાર છે.

| તારીખ | સવારે ૮.૦૦ કલાકે | સવારે ૧૧.૦૦ કલાકે |
|---|---|---|
| ૦૮/૦૩/૨૦૧૮ | એસ.એમ.સી. રીપોર્ટર VS પ્રેસ ફોટોગ્રાફર ટીમ | ન. પ્રા. શિ.સમિતિ VS પત્રકાર સંઘ ટીમ |
| ૦૮/૦૩/૨૦૧૮ બપોરે ૨.૦૦ કલાકે | તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજની સવારની મેચની વિજેતા ટીમ VS કમિશનર ટીમ | |
| ૦૯/૦૩/૨૦૧૮ | તા.૦૭/૦૩/૨૦૧૮ના રોજની સવારની મેચની વિજેતા ટીમ VS તા.૦૭/૦૩/૨૦૧૮ના રોજની બપોરની મેચની વિજેતા ટીમ | તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજની સવારે ૧૧ કલાકની મેચની વિજેતા ટીમ VS તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજની બપોરે ૨.૦૦ કલાકની મેચની વિજેતા ટીમ |
| ૧૦/૦૩/૨૦૧૮ (સવારે ૮.૦૦ કલાકે) | **ફાયનલ મેચ** તા.૦૯/૦૩/૨૦૧૮ના રોજની સવારની મેચની વિજેતા ટીમ VS તા.૦૯/૦૩/૨૦૧૮ના રોજની બપોરના મેચની વિજેતાટીમ | |

"મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"ની ઉપરોક્ત મેચો નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. 801 , તા.૦૭/૦૩/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

Mayor cup cricket-18.





સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે આયોજીત "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નો તા.૭/૩/૨૦૧૮ના રોજ ટોસ ઉછાળી શુભારંભ કરાવતા સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મેયર્સ ટીમની સાથે ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

૮૦૨

# :પ્રેસનોટ:

## <u>ખોડીયારનગર રોડ, કપુરવાડીમાં આવેલ શ્વેતરાજહંસ સોસાયટી ના બાકી વ્યવસાય કારોની મિલકતો સીલ કરતું વરાછાઝોન</u>

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં. ૧૮–ઈ, ખોડીયારનગર રોડ, કપુરવાડી વિસ્તારમાં આવેલ શ્વેતરાજ હંસ સોસાયટીમાં ૯૧ એમ્બ્રોડરી યુનિટ/સંસ્થાના ઈ.સી./આર.સી. વ્યવસાય કારો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમ છતાં પણ તેઓ તરફથી વ્યવસાય વેરો ન ભરાતા અત્રેના વ્યવસાય વેરા તથા આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી મિલકતો ટાંચમાં લેતા વ્યવસાયકારો તરફથી સ્થળ પર વ્યવસાય વેરાની રૂા.૮૧૬૮૫૫ લાખથી વધુ વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં આવેલ.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ તથા ધંધાકીય સંસ્થાઓ/ નગરોમાં આવેલ ડાયમંડ યુનિટો/ ટેક્ષટાઈલ યુનિટોની મિલકતોનો વ્યવસાય વેરો બાકી પડે છે.,તેવી મિલકતો સીલ કરી વ્યવસાય વેરો વસુલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી વ્યવસાય વેરો સમયસર ભરપાઈ કરવા વ્યવસાયવેરા વિભાગ , વરાછા ઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

૮૦૩

# <u>મિલકતવેરા/વોટર મીટરના બાકી માંગણા બાબતે</u>

**સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં આસી.મ્યુ. કમિશ્નરશ્રી પૂર્વઝોન (વરાછા) ની સીધી દેખરેખ હેઠળ આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા લાંબા સમયથી મિલકતવેરો ન ભરતાં જુદાજુદા વિસ્તારમાં મિલકતોને સીલ મારવામાં આવેલ તેમજ ઘણાં લાંબા સમયથી વેરો નહીં ભરતા મોટા બાકીદારોમાંથી બે બાકીદારોનાં રૂા.૭૬ લાખની વસુલાત કરવામાં આવેલ છે તથા રૂા.૨૫,૦૦૦/– થી ઉપરના ખુલ્લા પ્લોટ ઉપર ૧૯ જગ્યાઓ પર જાહેર હરાજીના બોર્ડ મારવામાં આવેલ છે તથા અન્ય જગ્યાએ બોર્ડ લગાવવાની કામગીરી ચાલુ છે. વોટર મીટર વિભાગ ધ્વારા કરદાતાઓને અંતિમ નોટીસ–૧૮૧ બજવવામાં આવેલ, તે પૈકી રૂા.૩૭,૧૧,૦૬૫/– ની વસુલાત કરવામાં આવેલ છે અને વોટર મીટરનાં નાણાં ન ભરતા મોટા બાકીદારોની પાણીની નલિકા નંગ–૫૪ ને સીલ મારી પાણી પુરવઠો બંધ કરવામાં આવેલ છે.**

**પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ મિલકત વેરો તેમજ વોટર મીટરનાં નાણાં બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વેરો વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી બાકી કરદાતાઓને બાકી નીકળતો મિલકતવેરો તેમજ વોટર મીટરના નાણાં વેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વોટર મીટર વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.**

# –: પ્રે સ નો ટ :–

ગુજરાત સરકારશ્રી, ગાંધીનગર તરફથી આજદિન તા. ૦૮–૦૩–૨૦૧૮ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલાદિવસની ઉજવણી નિમિત્તિે સ્મીમેર હોસ્પીટલ ખાતે સવારે ૧૧–૦૦ કલાકે મા. મેયરશ્રીઅસ્મિતાબેન શિરોયા સુરત મહાનગરપાલિકાનાં હસ્તે " નન્હી પરી અવતરણ " કાર્યક્રમમાં આજના દિવસેજન્મેલ બાળકીઓને તથા માતાઓને કીટની વહેંચણી કરવામાં આવેલ. " નન્હી પરી અવતરણ " કીટ (ઝભલુ, ટોપી, હાથપગનાં મોજા, ફરવાળો રૂમાલ, સાબુ, સેનેટરી નેપકીન, ચાંદીનો સિકકો(૫ ગ્રામ), આકર્ષક પેકીગમાં શુધ્ધ મિઠાઈનો ડબ્બો, ગુલાબનું ફુલ વિગેરે) આપવામાં આવેલ. આ સમારોહમાં આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીઅનિલભાઈ બિસ્કીટવાળા, હોસ્પીટલ કમીટીનાં ચેરમેનશ્રી ડૉ. રમણભાઈ પરમાર, ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) ડૉ. હેમંત દેસાઈ, આરોગ્યઅધિકારીશ્રીડૉ. આશિષ નાયક, ડીનશ્રી ડૉ. કલ્પના દેસાઈ, ઈ.ચા. મેડીકલ સુપ્રિ.શ્રી (સ્મીમેર) ડૉ. વંદના દેસાઈ તથા આરોગ્યવિભાગ તથા સ્મીમેર હોસપીટલનાં કર્મચારીગણ હાજર રહયા હતા. આજરોજ તા. ૦૮–૦૩–૨૦૧૮ નાં જન્મેલ બાળકીઓને તથા માતાઓને સ્મીમેર હોસ્પીટલ ખાતે ૦૫ કીટનું વિતરણ કરવામાં આવેલ તથા આજરોજ સુરતમાં તમામ સરકારી તથા પ્રાઈવેટ હોસ્પીટલોમાં જન્મેલ તમામ બાળકીઓને કીટનું વિતરણ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.



# **પ્રેસનોટ**

સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના અદ્યૌગિક વિસ્તારમાં સાઉથઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો / ઓપન પ્લોટ વિગેરેને સીલ મારવાની તેમજ બોર્ડ લગાડવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા.૦૭/૦૩/૨૦૧૮ તથા ૦૮/૦૩/૨૦૧૮ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ **૩૮** મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા તેમજ **૨૦** થી વધુ ઓપન પ્લોટો પર જપ્તી / ટાંચમાં લેવાના બોર્ડ લગાડવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી **કુલ રૂ.૧૨.૩૫** લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. આમ સદર બે દિવસ દરમ્યાન મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને **રૂ.૭૮.૮૬** લાખથી વધુ વેરાની વસુલાત ઉધનાઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

વધુમાં સદર બે દિવસ દરમ્યાન પાણી ખાતા ધ્વારા વોટર મીટર કનેકશની બાકી રકમની વસુલાત માટે ડોર ટુ ડોર **૧૪** મિલકતોની વીઝીટ કરી તે પૈકી કુલ **૦૨** મિલકતોના વોટર મીટરના કુલ **રૂ.૮૯,૦૦૦/–**ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

.......................

## માહે ફેબ્રુઆરી ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે **ફેબ્રુઆરી ૨૦૧૮** દરમ્યાન **૪૮૫૪** ઈન્ડોર તથા **૫૭૧૧૬** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૪૭૬** નાના તથા **૭૫૦** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૩૯૮૪** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૮૮૭** અને જુના **૧૨૭૧** દર્દીઓ સહીત કુલ **૩૧૫૯** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૩૯૮** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૧૮૩** તથા આંખ વિભાગમાં **૩૬૮૬** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૭૮૭૧** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૮૦૭

# :: પ્રેસનોટ ::

## ''આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી''

વિષય : આંતરરાષ્ટ્રીય મહિલાદિન ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ ''મહિલા સન્માન સમારોહ'' કાર્યક્રમ

૮મી માર્ચે દર વર્ષે સમગ્ર વિશ્વમાં મહિલાઓની સિદ્ધિઓ અને યોગદાન બદલ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિન''ની ઉજવણી કરવામાં આવે છે. આ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિન''ના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૩/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપપ્રાગટ્યથી શુંભારંભ થયેલ સમારોહમાં સૌ પ્રથમ સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહએ ઉપસ્થિત સર્વેને સુરત મહાનગરપાલિકા વતી આવકારતાં જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિએ નારીનું માત્ર સન્માન જ નહીં પરંતુ નારીને અધિક પ્રભાવી દરજ્જો આપ્યો છે. મહિલાઓ આજે દરેક ક્ષેત્રે અગ્રેસર છે અને મહિલાઓના સર્ગાંગી વિકાસ માટે અલગ અલગ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રમતગમત ક્ષેત્રે પણ મહિલાઓએ દેશભરમાં નામ રોશન કરેલ છે. આ પ્રસંગે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ તમામ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિને શુભેચ્છા પાઠવી રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓના ભણતર અને સમાજના દરેક ક્ષેત્રના વિકાસમાં તેઓ સહભાગી બને તે માટે મહિલા હેલ્પ લાઈન, બેટી બચાવો બેટી પઢાઓ જેવા વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. જેનો સમાજમાં મહિલા વર્ગને દરેક ક્ષેત્રે ઉચિત ઉપલબ્ધ તકોનો લાભ લઈ પોતાના અને સમાજના વિકાસ માટે કાર્યરત રહેવા હિમાયત કરી હતી. શહેરમાં પોતાના ફિલ્ડમાં શ્રેષ્ઠ કામગીરી કરી સમાજની સેવા કરનાર મહિલાઓ, મહિલા હેલ્પ લાઈન, ૧૦૮માં સેવા બજાવતી તેમજ મેડીકલ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સેવા બજાવતી પ્રતિભાવાન મહિલાઓનું સન્માન કરાયું હતું. ત્યારબાદ ચૂંટાયેલા મહિલા પદાધિકારીશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૬૩ મહિલા સદસ્યશ્રીઓનું સન્માન કરાયું હતું. મીડીયા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી બજાવતી શહેરની ૩૩ જેટલી મહિલાઓ, સમાજમાં વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલી ૪૦ મહિલાઓને તેમના ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ તથા સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ–૧ થી વર્ગ–૪ના અધિકારીશ્રી / કર્મચારીઓ મળી ૧૯૦ મહિલાઓનું પણ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરમાં આવેલ ૯૦ વર્ષથી વધુ વયની વયસ્ક ૧૨ મહિલાઓના ઘરે ઘરે જઈ માન.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહએ સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમમાં ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ અને શહેરના નગરજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો




સુરત મહાનગરપાલિકાદ્વારા તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજ ખાતે ગાંધી સ્મૃતિ ભવન, સુરત ખાતે આયોજીત આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી સમારોહમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓને સન્માનીત કરતા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા સન્માનીત મહિલાઓઉપસ્થમાન છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૩/૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પ્રસંગે ૯૦ વર્ષથી વધુ વયના ડૉ.વસંતબેન શાહનું શાલ ઓઢાડી સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનીત કરતા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા તથા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ ઉપસ્થમાન છે.

૮૦૮

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૨/૦૩/૨૦૧૮ થી તા.૦૮/૦૩/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૪૯ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૫ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૩ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૭ |

# :: પ્રેસનોટ ::

## "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"ની ફાઈનલ મેચ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન યોજાનાર "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ –૨૦૧૮"

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ, એસ.એમ.સી. રીપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રીપોર્ટર, સુરત પ્રેસ ફોટોગ્રાફર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નું આયોજન તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૦૯/૦૩/૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમ અને મેયર્સ ટીમ વચ્ચે ટુર્નામેન્ટની સેમી ફાઈનલ મેચ યોજાઈ હતી. પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી નૈષેધ મોદીના ૧૩ બોલમાં ૧૪ રન અને મહેશ સોલંકીના ૧૦ રનની મદદથી ૧૬.૩ ઓવરમાં ઓલ આઉટ થતાં ૫૭ રન કર્યા હતા. મેયર્સ ટીમ વતી શ્રી મનોજ ચોવટીયા અને શ્રી ધીરૂભાઈ લાઠીયાએ ૩–૩ વિકેટ ઝડપી હતી. મેયર્સ ઈલેવન ટીમના શ્રી રમેશ ઉકાણીના ૨૩ બોલમાં ૨૮ રનની મદદથી હરિફ ટીમએ આપેલ લક્ષ્યાંકને ૯.૨ ઓવરમાં ૨ વિકેટે જ પાર પાડતાં મેયર્સ ઈલેવન ટીમનો ૭ વિકેટથી વિજય થયો હતો. પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. વતી અમીત ગોસાઈને ૨ વિકેટ લેવામાં સફળતા મળી હતી.

તા.૦૯/૦૩/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ અને કમિશનર ઈલેવન ટીમ વચ્ચે ટુર્નામેન્ટની બીજી સેમી ફાઈનલ ક્રિકેટ મેચ રમાઈ હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમએ ટોસ જીતી પ્રથમ બોલીંગ પસંદ કરી હતી. બેટીંગમાં ઉતરેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૦૨ રન કર્યા હતા. જેમાં મિનેશ દેલાડાના ૫૪ બોલમાં ૫૫ અને સુનિલ પટેલના ૧૯ બોલમાં ૨૫ રન મુખ્ય હતા. કમિશનર ટીમના બોલરો કીરીટ સુરતીએ ૪ ઓવરમાં ૩ રન આપી ૪ વિકેટ તથા ધર્મેશ સેલરએ ૧ વિકેટ વિકેટ ઝડપી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમએ આપેલ ૧૦૨ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ કમિશનર ટીમના શ્રી સતીષ વસાવાના ૧૦ રન, ધર્મેશ સેલર ૧૪ બોલમાં ૨૫ રન અને વિવેક પટેલના ૨૩ બોલમાં

૨૨ રનની મદદથી ૧૮.૧ ઓવરમાં ૧૦૩ રન કરતાં કમિશનર ઈલેવન ટીમનો ૬ વિકેટથી વિજય થયો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમના પરીમલ પટેલએ ૨ વિકેટ લીધી હતી.

આ ''મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''ની ફાઈનલ મેચ તા.૧૦/૦૩/૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે મેયર્સ ટીમ અને કમિશનર ટીમ વચ્ચે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે યોજાશે. જે ફાઈનલ મેચ નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.

## :: પ્રેસનોટ ::

## "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન યોજાનાર "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ –૨૦૧૮"

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ, એસ.એમ.સી. રીપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રીપોર્ટર, સુરત પ્રેસ ફોટોગ્રાફર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નું આયોજન તા.૦૭ થી ૧૦ માર્ચ ૨૦૧૮ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. તા.૧૦/૦૩/૨૦૧૮ના રોજ સવારે ૯.૦૦ કલાકે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે મેયર ટીમ અને કમિશનર ટીમ વચ્ચે  ફાઈનલ મેચ રમાઈ હતી. આ ટુર્નામેન્ટમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈએ ટોસ ઉછાળી ફાઈનલ મેચનો શુભારંભ કરાવ્યો હતો.

કમિશનર ટીમએ  ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ પંસદ કરી હતી. મેયર ટીમના ભદ્રેશ પરમારના ૩૫ રન અને  ભાવેશ ભુંભળીયાના ૨૯ રનના યોગદાન દ્વારા ૬ વિકેટેએ ૧૧૧ રનનો લક્ષ્યાંક  કમિશનર ટીમને આપ્યો હતો. કમિશનર ટીમ તરફથી સર્વાધીક રન નરેશ પરમારએ ૩૪ રન, વિવેક પટેલએ ૨૬ રન અને કમિશનરશ્રીના ૧૫ રનની મદદથી કમિશનર ટીમએ ૫ વિકેટથી વિજય મેળવી "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"ની ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરી હતી.

આ મેયર કપ ટુર્નામેન્ટ–૨૦૧૮ની રનર્સ–અપ ટ્રોફી મેયર ટીમને અને ચેમ્પીયન ટ્રોફી કમિશનર ટીમને મેન ઓફ ધ સીરીઝ મેયર ટીમના શ્રી રમેશભાઈ ઉકાણી, બેસ્ટ  બેટસમેન કમિશનર ટીમના નરેશ પરમાર, બેસ્ટ બોલર મેયર ટીમના શ્રી મનોજ ચોવટીયા, બેસ્ટ ફિલ્ડર મેયર ટીમના શ્રી ભાવેશ ભુંભળીયા, ફાઈનલ મેચના મેન ઓફ ધ મેચ મેયર ટીમના શ્રી ભદ્રેશ પરમાર, અન્ય મેચના મેન ઓફ  ધ મેચના ખેલાડીઓ તથા અન્ય તમામ વિજેતાઓને માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી,ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી એમ. થેન્નારસન, આઈ.એ.એસ., વિરોધ પક્ષ નેતાશ્રી પ્રફુલ્લભાઈ તોગડીયા અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીગણ, પ્રીન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પ્રતિનિધિઓ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહી ક્રિકેટ મેચને માણી હતી.

સમાચાર યાદી તા.૧૦/૦૩/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


સુરત મહાનગરપાલિકા

